# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-11-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*********************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે અયોધ્યામાં રામમંદિર પર ધ્વજારોહણ ...
2. પ્રધાનમંત્રી સાંજે કુરુક્ષેત્રમાં ગુરુ તેગ બહાદુરજીના 350મા શહીદી દિવસના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે
3. ઇથોપિયામાં જ્વાળામુખીના કારણે નીકળેલા રાખના વાદળ ચીન તરફ જવાની શક્યતા..ભારતના વાતાવરણ પર કોઇ અસર નહી કરે તેમ હવામાન વિભાગે કહ્યું
4. પવિત્ર બદ્રીનાથ મંદિરના કપાટ આજે બપોરે બંધ થતાંની સાથે જ ચાર ધામ યાત્રાનું સમાપન થશે
5. પાકિસ્તાને, અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં કરેલા હુમલામાં નવ બાળક સહિત દસ નાગરિકોના મોત

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM AYODHYA (EARLY)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણે આપણા દેશને રામ રાજ્યનું ભારત બનાવવા માંગીએ છીએ. રામ આ દેશના દરેક ભાગમાં હાજર છે. શ્રી મોદી અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં ધર્મ ધ્વજ સ્થાપના કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. પ્રધાનમંત્રીએ વિધિવત રીતે પવિત્ર શ્રી રામ જન્મભૂમિ મંદિરના શિખર પર ધ્વજારોહણ કર્યું. જે મંદિરના નિર્માણ પૂર્ણ થવાનું અને સાંસ્કૃતિક ઉજવણી અને રાષ્ટ્રીય એકતાના નવા અધ્યાયની શરૂઆતનું પ્રતીક છે.

(બાઇટ - પીએમ, ધ્વજ )

પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે સમગ્ર દેશ રામમય બન્યો છે અને આ ધર્મ ધ્વજ માત્ર એક ધ્વજ નહીં પરંતુ પુનર્જાગરણનો ધ્વજ છે અને રામ રાજ્યના સિદ્ધાંતો સાથે સર્જન માટેના સંઘર્ષની વાત કહે છે.

(બાઇટ- પીએમ, રામમય )

તેમણે કહ્યું કે, અયોધ્યા તેના ઇતિહાસમાં બીજી એક યુગની ઘટના જોઈ રહ્યું છે. અગાઉ શ્રી મોદીએ આજે સવારે અયોધ્યામાં એક રોડ શો યોજ્યો હતો અને બાદમાં સપ્તમંદિર અને શેષાવતાર મંદિરની મુલાકાત લીધી હતી. પ્રધાનમંત્રીએ માતા અન્નપૂર્ણા મંદિરની પણ મુલાકાત લઈને રામલલ્લા ગર્ભગૃહમાં દર્શન અને પૂજા કર્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM- GURU TEGH BAHADUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુરુ તેગ બહાદુરજી ને તેમના ૩૫૦મા શહીદી દિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ નવમા શીખ ગુરુ ને તેમના અજોડ સાહસ અને બલિદાન માટે શ્રદ્ધાંજલિ આપી. તેમણે ઉમેર્યું કે શ્રદ્ધા અને માનવતાના રક્ષણ માટે આપેલી ગુરુ તેગ બહાદુરજી ની શહાદત સમાજને હંમેશા પ્રકાશિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM – KURUKESHETRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે કુરુક્ષેત્રની મુલાકાત લેશે અને ગુરુ તેગ બહાદુરજીના ૩૫૦મા શહીદી દિવસ નિમિત્તે યોજાનારા ખાસ કાર્યક્રમમાં ભાગ લેશે. કાર્યક્રમ દરમિયાન, શ્રી મોદી પૂજ્ય ગુરુના ૩૫૦મા શહીદી દિવસ નિમિત્તે એક ખાસ સિક્કો અને સ્મારક ટિકિટ બહાર પાડશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

**V/C - DIPENDRA**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 30 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128-મી કડી હશે.

લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને મંતવ્ય ટૉલફ્રી નંબર 1800-11-7800 પર મોકલી શકશે. તેઓ નરેન્દ્ર મોદી ઍપ અથવા MYGOV ઑપન ફૉરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના મંતવ્ય મોકલી શકે છે. આ ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કૉલ કરીને અને ટૂંકી સંદેશ સેવા – SMSના માધ્યમથી પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકશે. મંતવ્ય સ્વીકારવાનો છેલ્લો દિવસ 28 નવેમ્બર રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# RAJNATH - SAMUDRA UTKARSH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે હાલમાં નિર્માણાધીન દરેક ભારતીય નૌકાદળ અને તટ રક્ષક જહાજ ભારતીય શિપયાર્ડમાં બનાવવામાં આવી રહ્યું છે. આજે નવી દિલ્હીમાં 'સમુદ્ર ઉત્કર્ષ' સેમિનારમાં બોલતા, શ્રી સિંહે કહ્યું કે, ભારત માટે, દરિયાઈ વેપાર પરની નિર્ભરતા વધારે છે.

મંત્રીએ ભાર મૂક્યો કે ભારતનો વેપાર વોલ્યુમના હિસાબે લગભગ 95 ટકા અને મૂલ્યના હિસાબે લગભગ 70 ટકા દરિયાઈ માર્ગો દ્વારા થાય છે. શ્રી સિંહે કહ્યું, લાર્સન અને ટુબ્રો શિપબિલ્ડીંગે ટેકનોલોજીની દ્રષ્ટિએ

અત્યાધુનિક હાઇ-સ્પીડ ઇન્ટરસેપ્ટર ક્રાફ્ટ અને ઓફશોર પેટ્રોલ જહાજો બનાવ્યા છે જે હવે નિકાસ કરવામાં આવી રહ્યા છે જ્યારે મિત્ર વિદેશી દેશોના જહાજો જટિલ રિફિટ માટે ભારતીય શિપયાર્ડ્સમાં વધુને વધુ આવી રહ્યા છે. તેમણે કહ્યું, ભારત સમગ્ર ઇન્ડો-પેસિફિક ક્ષેત્ર માટે પસંદગીનું ટકાઉપણું અને સમારકામ કેન્દ્ર બનવા માંગે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# IMD - ASH CLOUD

હવામાન વિભાગે ઇથોપિયામાં જ્વાળામુખી ફાટવાથી નીકળેલા રાખના વાદળો આજે સાંજ સુધીમાં ભારતથી ચીન તરફ આગળ વધવાની શક્યતા વ્યક્ત કરી છે. આકાશવાણી સમાચાર સાથે વાત કરતા, હવામાન વિભાગના વડા મૃત્યુંજય મોહપાત્રાએ જણાવ્યું હતું કે રાખના વાદળો ફક્ત વિમાન સંચાલનને અસર કરી રહ્યા છે અને હવામાન કે હવાની ગુણવત્તા પર કોઈ અસર નથી કરી રહ્યા.

**BYTE - MRITUNJAY MOHAPATRA**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BADRINATH DHAM'S PORTAL CLOSEN

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલા પવિત્ર બદ્રીનાથ મંદિરના કપાટ આજે બપોરે બંધ કરાશે. આ સાથે આ વર્ષની ચાર ધામ યાત્રાનું ઔપચારિક સમાપન થશે. બપોરે 2 વાગીને 56 મિનિટે મંદિરના કપાટ શિયાળાની ઋતુ દરમિયાન બંધ કરાશે. ઔપચારિક સમાપન જોવા માટે મોટી સંખ્યામાં ભક્તો બદ્રીનાથ આવી રહ્યા છે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ આ પ્રસંગે, મંદિરને લગભગ 12 ટન ફૂલોથી શણગારવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષની ચાર

ધામ યાત્રા 30 એપ્રિલથી શરૂ થઈ હતી. કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના કપાટ અગાઉ જ બંધ કરાયા છે. આ વર્ષે 16 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ બદ્રીનાથની મુલાકાત લીધી .

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## PAKISTAN'S ATTACK ON AFGHANISTAN

પાકિસ્તાને,અફઘાનિસ્તાનના ખોસ્ત પ્રાંતમાં રહેણાંક વિસ્તારમાં હુમલા કર્યો આ હુમલામાં નવ બાળકો સહિત દસ નાગરિકો માર્યા ગયા છે.

કાર્યકારી અફઘાન સરકારના પ્રવક્તા, ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું હતું કે ખોસ્તના ગુરબુઝ જિલ્લાના મુગલગાઈ સ્થાનિક રહેણાંક વિસ્તારમાં મધ રાત્રીએ હુમલો થયો હતો. આ તાજેતરના હુમલાથી હિંસાના આશંકા ઉભી થઈ છે.સરહદી પ્રદેશમાં ફરી એકવાર તણાવ વધ્યો છે. ઓક્ટોબરમાં થયેલી અથડામણો બાદ સ્થાયેલી શાંતિમાં આ હુમલો શાંતિને વખોડી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## SBI-LABOUR REFORMS

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે નવા શ્રમ સંહિતા લાગુ કરવાથી અર્થતંત્રમાં નોંધપાત્ર વધારો થશે અને દેશમાં બેરોજગારી દરમાં ઘટાડો થશે. બેંકના એક અહેવાલ મુજબ, નવા શ્રમ સંહિતા બેરોજગારી દરમાં 1.3 ટકા સુધીનો ઘટાડો કરી શકે છે. જેનાથી 77 કરોડ વધારાની નોકરીઓનું સર્જન થશે. અહેવાલમાં જણાવાયું છે કે આ મહિનાની 21મી તારીખથી અમલમાં આવેલા નવા શ્રમ સંહિતા લાગુ થવાથી શ્રમ દળમાં ઔપચારિક કામદારોનો હિસ્સો લગભગ 15 ટકા વધશે.

SBI એ અહેવાલમાં જણાવ્યું છે કે હાલમાં અસંગઠિત ક્ષેત્રમાં આશરે 44 કરોડ લોકો કામ કરે છે, જેમાંથી આશરે 31 કરોડ શ્રમિકો e-SHRAM પોર્ટલ પર નોંધાયેલા છે. આ ફેરફાર સાથે, આગામી બે થી ત્રણ વર્ષમાં દેશનું સામાજિક સુરક્ષા કવરેજ 80 થી 85 ટકા સુધી પહોંચવાની ધારણા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .